




૩૬ - ગાંધીનગર ઉત્તરના
ઉમેદવારને ઓળખો



**એમ. આર. પટેલ**
**(ગુજરાત પરિવર્તન પાર્ટી)**

# લોકસેવાને જ જીવનમંત્ર બનાવનાર એમ આર પટેલ

ગાંધીનગર (ઉત્તર) બેઠકના ગુજરાત પરિવર્તન પાર્ટીના યુવાન અને કાર્યક્ષમ ઉમેદવાર એમ આર પટેલ વાવોલ ગામના વતની છે અને ગાંધીનગર સેક્ટર-૫માં રહી ગાંધીનગરની સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યા છે. હાલમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશમંત્રી તરીકે કાર્યભાર સંભાળે છે. ગાંધીનગરને કાર્યક્ષેત્ર બનાવ્યું હોવા છતાં વતનના વિકાસ માટે પણ સદાય કાર્યરત રહ્યા છે. પરિણામે હાલ વાવોલ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકે સેવાઓ આપે છે.



એમ આર પટેલ પોતાના સમાજની રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેમજ સામાજિક સુધારણા અભિયાનમાં હંમેશા અગ્રેસર રહ્યા છે. કન્યા કેળવણીનો વ્યાપ વધે તે માટે તેઓ સતત ચિંતિત રહ્યા છે.

ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કરી કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સમાજસેવાને પોતાના જીવનનું લક્ષ્ય બનાવનાર એમ આર પટેલ સેવાભાવી અને અદના કાર્યકર છે. તેમના જીવનનું એક માત્ર ધ્યેય છે રાજકારણના માધ્યમ દ્વારા ગરીબ અને વંચિતોને વધુ ને વધુ મદદરૂપ બનવું.

ગ્રામ્ય વિકાસ અને યુવા પ્રવૃત્તિ એ તેમના શોખના વિષયો છે. ગાંધીનગરમાં સહિયર ગરબા મહોત્સવના ભવ્ય આયોજન દ્વારા યુવાનોમાં આગવી પ્રતિભા ઊભી કરી શક્યા છે. કેળવણી ક્ષેત્રે પણ તેમનું આગવું પ્રદાન રહ્યું છે. 'સહિયર કેળવણી મંડળ, ગાંધીનગર' સંસ્થામાં મેનેજિંગ ટ્રસ્ટી તથા ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળીમાં મંત્રી તરીકે સેવાઓ આપે છે. અખિલ ભારતીય ગૌરક્ષા સમિતિમાં પણ પ્રદેશ મહામંત્રી તરીકે સેવાઓ આપે છે.

સેક્ટરના નવરાત્રી મહોત્સવમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. સ્વભાવે સરળ અને ઉદાર મનના હોવાથી અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં સક્રિયપણે ભૂમિકા ભજવી ઉદાર હાથે અનુદાન આપતા રહે છે.

**એમ આર પટેલ**

- પ્રદેશ મંત્રી,
  ગુજરાત પરિવર્તન પાર્ટી
- ડેપ્યુટી સરપંચ,
  વાવોલ ગ્રામ પંચાયત
- મંત્રી,
  ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામ. સહકારી મં.
- મેનેજિંગ ટ્રસ્ટી,
  સહિયર કેળવણી મંડળ, ગાંધીનગર
- પ્રમુખ,
  સહિયર ગરબા મહોત્સવ
- પ્રદેશ મહામંત્રી,
  અખિલ ભારતીય ગૌરક્ષા સમિતિ

## સોનિયા ગાંધીના ગુજરાત આગમનથી કાર્યકરો અનેરો ઉત્સાહ

# આજે માંડવી-કેશોદમાં ઝંઝાવાતી જાહેર સભાઓને સંબોધશે

અમદાવાદ, તા.૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આક્રામક પ્રચાર કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. સોનિયા ગાંધી અગાઉ ગુરુવારે પ્રચાર કરવાના હતા પરંતુ હવે ૭મી ડિસેમ્બરે ચૂંટણી પ્રચાર કરનાર છે. કેટલાક કારણોસર સોનિયા ગાંધીએ ગુરુવારની યાત્રાને મોકૂફ



કરી દીધી હતી. ગુજરાતમાં વિધાનસભાની આગામી તા. ૧૩મી અને તા. ૧૭મીએ બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં પ્રચારાર્થે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી તા. ૭મી ડિસેમ્બરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. સોનિયા ગાંધી સુરતના માંડવી અને જૂનાગઢના કેશોદ ખાતે જાહેર સભાને સંબોધશે.

પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચારાર્થે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી તા. ૭મી ડિસેમ્બરે ગુજરાત આવશે. જેમાં સુરત જિલ્લાના માંડવી નજીક ગોડસંબા-કીમ માંડવી રોડ પર બપોરે ૧૧.૩૦ કલાકે જાહેરસભાને સોનિયા ગાંધી સંબોધશે. જાહેરસભા પૂર્ણ થયા બાદ સોનિયા ગાંધી હવાઇ માર્ગે જૂનાગઢ જિલ્લાના કેશોદ જશે. જ્યાં વિનાપાર્ક, વંથલી-કેશોદ રોડ પર બપોરે ૧.૩૦ કલાકે જાહેરસભા યોજાશે. સોનિયા ગાંધી સાથે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના અગ્રણીઓ જોડાશે. સોનિયા ગાંધી સામે અન્ય ઘણા પડકારો પણ રહેલા છે. ભાજપના નેતાઓને પડકાર ફેંકવાના ઇરાદાથી તેઓ પહોંચનાર છે.

કોંગ્રેસમાં હાલ ભારે ઊથલ પાથલ જોવા મળી રહી છે. કોંગ્રેસના શક્તિશાળી નેતા નરહરિ અમીન ભાજપમાં સામેલ થવાની જાહેરાત કર્યા બાદથી કોંગ્રેસના ટોચના નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ તમામ સંજોગોના કારણે સોનિયા ગાંધી પણ ચિંતાતુર બનેલા છે પરંતુ ગાંધી ઝંઝાવટી પ્રચાર કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે.

# ખાડિયા-જમાલપુરના મર્જ બાદ ભાજપને ફાયદો

## ખાડિયા-જમાલપુર ખાતે ૧,૮૨,૩૭૯ કુલ મતદારો છે, ખાડિયાના પરિણામ ઉપર પક્ષોની હમેશા નજર રહી છે

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કેટલીક એવી બેઠકો રહી છે જેના પરિણામો ઉપર તમામની નજર રહેશે. આવી જ એક બેઠક ખાડિયા-જમાલપુરની છે. ખાડિયા-જમાલપુર મર્ચ થઈ ગયા બાદ અલગ પડી ગયેલી મત હિસ્સેદારી આ મુસ્લિમ બહુમતિવાળી બેઠક ભાજપને મળી શકે છે. ખાડિયા અને જમાલપુર સીમાંકન પહેલા સુધી બે જુદી જુદી બેઠકો હતી. એકબાજુ ખાડિયા હિંદુ વિસ્તાર તરીકે છે જ્યારે જમાલપુરમાં મોટી સંખ્યામાં મુસ્લિમો રહે છે. દશકોથી ખાડિયામાં ભાજપનું વર્ચસ્વ રહ્યું છે જ્યારે જમાલપુરમાં હમેશા એટલે કે ૧૯૬૨થી રાજ્ય વિધાનસભામાં મુસ્લિમ પ્રતિનિધીઓ મોકલે છે. શહેરનું વિસ્તરણ થતાં અને ધ્રુવીકરણ વધી ગયા બાદ ઘણા હિંદુ લોકો આ વિસ્તારમાંથી જતા રહ્યા હતા અને મુસ્લિમોએ મત વિસ્તારમાં તેમની હિસ્સેદારી વધારી દીધી છે અને તેમની સંખ્યા પણ વધી ગઈ છે. વર્ષ ૧૯૯૦માં સિરાજુદ્દીન કાઝી સિવાય અહીંથી તમામ ધારાસભ્યો છીપા સમુદાયના રહ્યા છે. છીપા મૂળભૂત રીતે મારવાર અને માલવામાંથી આવેલા છે. છીપા સમુદાય તેમની પોતાની દુનિયામાં રહે છે. અન્ય સમુદાય સાથે તેમના સંબંધો ખૂબ ઓછા બન્યા છે.

આ વખતે કોંગ્રેસે પીઢ નેતા વઝિરખાનના પુત્ર સમીરખાનને મેદાનમાં ઉતાર્યા છે. કાબલીવાલા અપક્ષ રીતે ચૂંટણી લડી રહ્યા છે જેથી મુસ્લિમ મતો વિભાજિત થઈને કોંગ્રેસને સમસ્યા ઊભી કરી શકે છે. પક્ષના નિર્ણયથી સમુદાયમાં નારાજગી દેખાઈ રહી છે. સીમાંકન બાદ ખાડિયા-જમાલપુરની બેઠક મહત્વપૂર્ણ રહી શકે છે. ભાજપના ઉમેદવાર ભૂતપૂર્વ પ્રધાન અશોક ભટ્ટના પુત્ર ભુષણ ભટ્ટને ફાયદો થઈ શકે છે. છીપા અને કોંગ્રેસ વચ્ચે મતભેદનો ફાયદો તેમને મળી શકે છે. કારણ કે મુસ્લિમો આ વિસ્તારમાં હજુ પણ બહુમતી ધરાવે છે.

### વ્યંગ કાવ્ય

વારતા રે વારતા, ચૂંટણીની વારતા;
કોથળો વેણ લાવતા પ્રજાને સમજાવતા.
અનેક ઉમેદવાર રિસાણા પક્ષો પણત્યા ભિસાણા;
એક સાંધે ત્યાં તેર ટૂટે, એકબીજાની લાજ લૂટે.
મીઠી-મીઠી વાતો કરી પ્રજાને લોભાવતા,
મોટા-મોટા માથાને પણ હસ્તા રહી ભોળળતા.
'મત' પવિત્ર એવું કહિને છાણા થઈ સમજાવતા;
ઊંટના હોઠ લબડે તેમ પ્રજાને લલચાવતા.
એકવાર જો સત્તા મળે તો ગરીબો દફનાવી દઈશ.
નાના મારા ઝૂંપડાને હું મોટા મહેલો ચણાવી દઈશ.
પાંચ વરસ એ મજાયું કરતાં લોકો પોંકે-પોંકે રડતા;
ચૂંટણી ટાણે ચરણો પકડી, ખોટા આંસુ સારતા.
લાગે ગરીબડી ગાય જેવા, ખોબલે મત આપતા;
પછી સિંઘલા ઘેટા થઈને મનફાવે માથાં મારતા

**- મહેન્દ્રભાઇ રાઠોડ**

# ગુજરાતનું ભાવિ ઘડવામાં ભાગ ભજવશે 'વ્યક્તિ ફૅક્ટર'



**ચૂંટણી ચક્રવ્યૂહ**
**- યુયુત્સુ દેસાઈ**

રસપ્રદ કહી શકાય એવી બાબત એ છે કે આ વખતની ચૂંટણીમાં ધર્મ-સંપ્રદાય કે વિકાસ-ભ્રષ્ટાચાર જેવા વધુ અસરકારક મુદ્દાઓ બાજુ પર રહી ગયા છે અને રાજકીય નેતાઓને સ્પર્શતો 'વ્યક્તિ ફૅક્ટર' વધુ ને વધુ કેન્દ્રસ્થાને આવી ગયો છે. આમ તો આ આખીય ચૂંટણી નરેન્દ્ર દામોદરદાસ મોદી નામના એક એવા માણસની આસપાસ લડાઈ રહી છે જેને ૨૦૦૧ના ઑક્ટોબર માસ પૂર્વે બહુ ઓછા લોકો ઓળખતા હતા. મોદી પડદા પાછળના ખેલાડી તરીકે કેશુભાઈ પટેલના વિશ્વાસુ સલાહકાર જરૂર મનાતા હતા અને ભાજપના ડખા સર્જવામાં અને શમાવવામાં એ મહત્ત્વની ભૂમિકા નભાવતા હતા. શંકરસિંહ વાઘેલા જેવા ભાજપના પાયાના પથ્થરને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવામાં તે વખતે ભલે કેશુભાઈ પટેલની કે ભાજપના હાઈકમાંડની ભૂમિકા ચર્ચામાં રહી હોય પરંતુ નેપથ્યમાં નરેન્દ્ર મોદી હતા અને ભલાભોળા કેશુભાઈ પટેલ ભેખડે ભેરવાઈ ગયા હતા. આત્મારામ પટેલ જેવા જમાનાના ખાધેલ આગેવાનનું ધોતિયું ખેંચવાનો બિભત્સ કાંડ એ ભાજપના કહેવાતા શીલભદ્ર ચરિત્રનો પર્દાફાશ કરનારી નેત્રદીપક ઘટના હતી. ભાજપના ભીષ્મપિતામહ સમા અટલબિહારી વાજપેયીની, જીભ કચરીને મરી જવાનું મન થઈ જાય તે હદે બેઈજ્જતી કરાઈ હતી જેનો રંજ અત્યારે અલ્ઝાઈમર જેવી વિસ્મૃતિની બિમારીથી પીડાતા હોવા છતાં તેઓ ભૂલી શક્યા હશે કે કેમ એ સવાલ છે. કેન્દ્ર સ્તરે વાજપેયી અને અડવાણીના ગજગ્રાહનો ભરપૂર લાભ ઊઠાવવામાં નરેન્દ્ર મોદીને અણધારી સફળતા સાંપડી હતી, તે કદાચ આમજનતા તો ભૂલી પણ ગઈ હશે, પરંતુ લોહી-પસીનો સિંચી પાર્ટી પાછળ ફના થઈ જનારા સમર્પિત સંઘકાર્યકર્તાઓ અને જૂના ભાજપીઓને એ બાબત જરૂર યાદ હશે. નરેન્દ્ર મોદી માટે એકમાત્ર લક્ષ્ય ગુજરાતના મુખ્યમંત્રીનું પદ હતું જે એમણે વિવિધ પ્રકારના પુરુષાર્થ દ્વારા હાંસલ કર્યું હતું. એ પદ પર ટકી રહેવા માટે પણ એમણે ઘણી કસરત કરી છે. એમના બે ચહેરા ઊડીને આંખે વળગે એવા છે : દેશમાં અને દુનિયામાં એ 'વિકાસ પુરુષ' અને 'વિનાશ પુરુષ'ની બેવડી ઓળખ ધરાવે છે. આ આખી ચૂંટણી એમના આ બે સામસામા-વિરોધાભાસી સ્વરૂપોની આસપાસ કેન્દ્રીય થઈ ગઈ છે. વિકાસ પુરુષ તરીકે એમને વખાણવા માટે ભાજપનો સૌથી મોટો ચૂંટણી વ્યૂહ છે. તેથી સુષમા સ્વરાજ, રાજનાથ સિંહ અને અડવાણી જેવા મોવડી મંડળના સભ્યોને પણ મને-કમને એમનો વડાપ્રધાન પદ માટેના સૌથી શ્રેષ્ઠ ઉમેદવાર તરીકે સ્વીકાર કરવાની સ્થિતિ સર્જાઈ છે. લોકો સમક્ષ મોદીની આવી વાહ વાહ કર્યા સિવાય આ વિધાનસભાની ચૂંટણી રૂપી વૈતરણી પાર કરવી મુશ્કેલ છે - એટલું તો એ બધા પણ સમજી ગયા છે. કદાચ ગુજરાતની ભલીભોળી જનતા એ ન સમજી શકી હોય તે બનવાજોગ !



સાંપ્રદાયિકતાના રંગે રંગાયેલા ગુજરાતી મતદારોને આકર્ષવા તથા મુસ્લિમ વિરોધી અંડર કરંટ સરજી હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાના બદઈરાદાપૂર્વક મોદીએ જાતે જ સામે ચાલીને અહમદ પટેલના આ ચૂંટણીમાં ઢસડ્યા છે. જોકે પ્રજા એમની ચાલાકી સમજી ગઈ છે. અહમદ પટેલ તો કેન્દ્રીય નેતા છે. એમને ગુજરાતના મુખ્યમંત્રી બનવામાં નામનો રસ નથી કારણ કે દેશભરના કોંગ્રેસી મુખ્યમંત્રીઓ એમની સામે કુરનિશ બજાવે એવી 'કી-પોસ્ટ' પર તેઓ બિરાજમાન છે. ગુજરાતના મુખ્યમંત્રી થવું હોત તો વારંવાર કેન્દ્ર સરકારના કેબિનેટ મંત્રી થવાની ઑફર ઠુકરાવી ન હોત. કેન્દ્રના કેબિનેટ મંત્રી કોઈ પણ રાજ્યના મુખ્યમંત્રી કરતાં અગ્રતા ભોગવે છે - મુખ્યમંત્રીનો દરજ્જો કેન્દ્રના કેબિનેટ મંત્રીની સમકક્ષ ગણાય છે પરંતુ અગ્રતાક્રમે કેન્દ્રના કેબિનેટ મંત્રી ગણાય એવો પ્રોટોકૉલ છે. સોહરાબુદ્દીન અને મિયાં મુશર્રફ જેવા મુદ્દાઓ કારગત નહીં નીવડે એવી પ્રતીતિ થતાં જ મોદીએ 'અહમદમિયાં'નો મુદ્દો ઉછાળવાની કોશિશ કરી છે, પરંતુ એમને આવો કોઈ 'અહમદમિયાં' ફૅક્ટર ઝાઝો મદદરૂપ થઈ શકે એ વાતમાં માલ નથી. મોદી 'પટેલો'ના મત અંકે કરવા માટે પણ અહમદ પટેલની પટેલ અટકની મજાક ઉડાવતા ફરે છે. 'કોંગ્રેસ પાસે એક જ પટેલ છે અને તે છે અહમદ પટેલ !' એમની આ મજાક પણ બૂમરેંગ થઈ છે કારણ કે કોંગ્રેસે ઘણી મોટી સંખ્યામાં પટેલોનો ટિકિટો આપી છે એટલું જ નહીં, એની પાસે દિનશા પટેલ, સિદ્ધાર્થ પટેલ, નટવર પીતાંબર અને વિઠ્ઠલ રાદડિયા જેવા ધુરંધર પટેલ આગેવાનો છે જે રાજયના જુદા જુદા વિસ્તારોમાં રહેતા પટેલોમાં ઘણા લોકપ્રિય છે.

આમ 'અહમદ પટેલ' ફૅક્ટર ઉછાળી કોગ્રેંસને મુસલમાનોની તરફદારી કરતાં પક્ષ તરીકે વગોવી નાખવાની મોદીની ચાલ બહુ સફળ થઈ શકે એમ લાગતું નથી. મોદીને સૌથી વધારે નડતો અને કનડતો 'વ્યક્તિ -ફૅક્ટર' તે 'પટેલ ફૅક્ટર'નો પર્યાય બની રહ્યો છે અને એનું નામ છે 'કેશુબાપા.' પટેલોમાં એ નામ અગાઉ કયારેય નહોતું એટલું આદરણીય અને પ્રતિષ્ઠાનું પ્રતિક બની રહ્યું છે. ચીમનભાઈ પટેલ કે બાબુભાઈ જશભાઈ કરતાં કેશુભાઈ પટેલ મૂઠી ઉચેરાં અને હૃદયવગા નેતા તરીકે ઉપસ્યા છે. એમને આ ઊંચાઈ બક્ષવામાં પણ આડકતરી રીતે ભાજપના મગજ વિહોણા વાણી વિલાસી નેતાઓનો જ ફાળો છે. નવજોત સિદ્ધુએ જે ઉંધું માર્યું છે એનો ડૅમેજ કંટ્રોલ કરવાનું ભાજપ માટે ઘણું અઘરું બલકે અશક્યવત્ બની ગયું છે. શુદ્ધ શાકાહારી અને ચુસ્ત રાષ્ટ્રવાદી ખેડૂત પુત્ર સામે પંજાબનો ક્રિકેટ ખેલાડી નશામાં એલફેલ ઉચ્ચારણો કરી ગયો એથી કેશુભાઈ ફૅકટર વધુ વજનદાર બની ગયો છે.

'કેશુભાઈ ફૅકટર'થી થનાર નુકશાનની ભરપાઈ 'નરહરિ અમીનનો ફૅકટર' ઉછાળવાથી થઈ શકે એમ નથી. નરહરિ અમીન પાટીદારોના સર્વ સ્વીકૃત આગેવાન તરીકે કયારેય પ્રસ્થાપિત થઈ શકયા નથી. તેઓ અમદાવાદના શહેરી આગેવાન છે, જેમની વગ અત્યંત મર્યાદિત રહેવા પામી છે. ખુદ પોતાનો મત વિસ્તાર પણ એ સરખી રીતે સાચવી શકયા નથી. કેશુભાઈ પટેલ બેઠકો બદલીને સતત જીતતા રહ્યા છે. નરહરિ એમની મૂળ બેઠક છોડી ખેડા જિલ્લાની માતર બેઠક પર ચૂંટણી લડવા ગયા ત્યાંથી ધોબી પછાડ ખાઈને પાછા આવ્યા હતા. કોગ્રેંસે ઉંમરનો ક્રાઈટેરિયા બાજુએ મૂકીને નટવરલાલ પીતાંબરદાસ જેવા કડવા પાટીદાર અગ્રણીને મહેસાણાની પ્રતિષ્ઠઆની બેઠક પર ઉતાર્યા છે તો ૧૫,૦૦૦ મતોથી વધુ મતના અંતરે ગઈ ચૂંટણીમાં હારેલા વિઠ્ઠલ રાદડિયાના પુત્ર જયેશ રાદડિયાને એમણે માગી તે જગ્યાએ પિતાની પડખે જ ટિકિટ આપી છે. આમ, કોગ્રેંસે 'પટેલ ફૅકટર'ને સાચવવા લાયક લાગ્યો ત્યાં બરાબર સાચવી લીધો છે. પરંતુ મોદીને ઉત્તર ગુજરાતની હોમપીચ પર ખરી ધોબીપછાડ આપી શકે એવા ધુરંધર નેતા તો શંકરસિંહ વાઘેલા છે, જે 'બાપુ'ના હુલામણા નામે ઓળખાય છે.

આ 'બાપુ' ફૅકટર પણ આ વખતની ચૂંટણી માટે 'બાપા' ફૅકટર જેટલો જ મહત્વનો છે. 'બાપુ' અને 'બાપા' અલગ અલગ પક્ષોના નેતાઓ હોવા છતાં અંદરથી એક છે અને બાપા સૌરાષ્ટ્ર સાચવી રહ્યા છે એમ બાપુ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત સાચવીને બેઠા છે.

'બાપુ' એ ઝાલાવાડમાં જઈને પોતે કોગ્રેંસની ટીમના 'કૅપ્ટન' હોવાની જાહેરાત પણ કરી જ દીધી છે.

આ વખત ચૂંટણીમાં એક અદૃષ્ટ વ્યક્તિ- ફૅકટર ઉમેરાયો છે તે 'હરેન પંડ્યા-ફૅકટર.' હરેન પંડયા ઘણા વરસ પછી એમની પૂરી તાકાત સાથે વિધવા પત્ની જાગૃતિના માધ્યમથી ચૂંટણીમાં સક્રિય થયા છે અને તે અમદાવાદના ભદ્રલોકમાં ભાજપને ભારે પડી શકે એમ છે.

**આ વખતની ચૂંટણીમાં ધર્મ-સંપ્રદાય કે વિકાસ-ભ્રષ્ટાચાર જેવા વધુ અસરકારક મુદ્દાઓ બાજુ પર રહી ગયા છે અને રાજકીય નેતાઓને સ્પર્શતો 'વ્યક્તિ ફૅક્ટર' વધુ ને વધુ કેન્દ્રસ્થાને આવી ગયો છે**

**નરેન્દ્ર મોદી માટે એકમાત્ર લક્ષ્ય ગુજરાતના મુખ્યમંત્રીનું પદ હતું જે એમણે વિવિધ પ્રકારના પુરુષાર્થ દ્વારા હાંસલ કર્યું હતું, એ પદ પર ટકી રહેવા માટે પણ એમણે ઘણી કસરત કરી છે; એમના બે ચહેરા ઊડીને આંખે વળગે એવા છે : દેશમાં અને દુનિયામાં એ 'વિકાસ પુરુષ' અને 'વિનાશ પુરુષ'ની બેવડી ઓળખ ધરાવે છે; આ આખી ચૂંટણી એમના આ બે સામસામા-વિરોધાભાસી સ્વરૂપોની આસપાસ કેન્દ્રીય થઈ ગઈ છે**

**મોદી 'પટેલો'ના મત અંકે કરવા માટે પણ અહમદ પટેલની પટેલ અટકની મજાક ઉડાવતા ફરે છે; 'કોંગ્રેસ પાસે એક જ પટેલ છે અને તે છે અહમદ પટેલ !' એમની આ મજાક પણ બૂમરેંગ થઈ છે કારણ કે કોંગ્રેસે ઘણી મોટી સંખ્યામાં પટેલોનો ટિકિટો આપી છે એટલું જ નહીં, એની પાસે દિનશા પટેલ, સિદ્ધાર્થ પટેલ, નટવર પીતાંબર અને વિઠ્ઠલ રાદડિયા જેવા ધુરંધર પટેલ આગેવાનો છે જે રાજયના જુદા જુદા વિસ્તારોમાં રહેતા પટેલોમાં ઘણા લોકપ્રિય છે**